## ગર્ભવતી મહિલાઓ માટે વેબિનારનું આયોજન

# પ્રેગ્નેન્ટ મહિલાનું બ્લડ ગ્રૂપ નેગેટિવ હોય તો ભ્રૂણને જોન્ડિસ થઈ શકે

અમદાવાદ | ગર્ભવતી મહિલાઓ માટે ડો. જિજ્ઞેશ શાહ દ્વારા વેબિનાર યોજાયો. જેમાં તેમણે જણાવ્યું કે જો મધરનું બ્લડ ગ્રૂપ નેગેટિવ હોય અને ફાધરનું બ્લડ ગ્રૂપ પોઝિટિવ હોય તેવા સંજોગોમાં માતાને બાળકને જન્મ આપતી વખતે કસુવાવડની તકલીફ સર્જાઈ શકે છે. સામાન્યપણે 90 ટકા લોકોમાં પોઝિટિવ બ્લડ ગ્રૂપ જોવા મળે છે જ્યારે 10 ટકા લોકોમાં નેગેટિવ બ્લડ ગ્રૂપ હોય છે. પ્રેગ્નેન્ટ મહિલા જો નેગેટિવ બ્લડ ગ્રૂપ ધરાવતી હોય અને તેમનો પતિ પોઝિટિવ બ્લડ ગ્રૂપ ધરાવતો હોય તો ઘણાં એવા કિસ્સા બન્યા છે, જેમાં ભ્રૂણને જોન્ડિસ થઈ ગયું હોય અથવા જન્મબાદ જોન્ડિસ થયુ હોય. આ પરિસ્થિતિમાં બાળકનું મોત પણ થઈ શકે છે.

આ તકલીફ મોટાભાગે બીજી વખત પ્રેગ્નેન્ટ થનારી મહિલા કે જેણે અબોર્શન કરાવ્યું હોય તેનામાં જોવા મળે છે. આ તકલીફને લીધે માતાને સ્વસ્થ બાળક આવવાનાં ચાન્સ પણ ઘટી જાય છે. નેગેટિવ બ્લડ ગ્રૂપ ધરાવતી પ્રેગ્નેન્ટ મહિલાને હેમોલિટીક રોગ ધરાવતા બાળકનું જોખમ વધારે હોય છે. જેથી વહેલી તકે જો મહિલામાં RH બ્લડસેલનું પ્રમાણ ચેક કરી લેવામાં આવે તો માતામાં તેનું જોખમ ઘટાડી શકાય છે. જેના માટે એન્ટિ-ડી ઈમ્યુનોગ્લોબ્યુલિન ઈન્જેક્શન, તે પછી સિરીયલ મોનિટરિંગ જરૂરી છે. જે અંગે લોકોમાં અવેરનેસની જરૂર વધારે છે.